Vishva Samachar Weekly

RNI : GujGuj/2001/05622

લવાજમ
વાર્ષિક : 250 રૂપિયા
છૂટક નકલ : 5-00 રૂપિયા
'વિશ્વ સમાચાર'ના
શેઠ વાડીલાલ સારાભાઇ હોસ્પિટલ સામે,

Associated
PRESS OWNERS WELFARE ASSOCIATION


વિશ્વ સમાચાર સાપ્તાહિક

PRINTER, PUBLISHER, OWNER AND EDITOR : NILAYBHAI HARISHBHAI MEHTA

E-mail : vishvasamacharindia@gmail.com

● Office : Opp. Sheth Vadilal Sarabhai Hospital, Allisebridge, Ahmedabad - 380006 : Mo. 92745 45455

• Year : 24 • Issue : 40 • Dt. 30-06-2025 • Monday • Rs.5-00 • • Page-4




### ઘાયલોને તાત્કાલિક પુરી જિલ્લા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા

# પુરીના શ્રી ગુંડિચા મંદિર પાસે મચી નાસભાગ, ૩ લોકોના મોત, ૩૦ ઘાયલ

**ભક્તો ભગવાનના દર્શન કરવા માટે શ્રી ગુંડિચા મંદિરની સામે મોટી સંખ્યામાં એકઠા થયા હતા ત્યારે ધક્કામુક્કી અને નાસભાગ જેવી સ્થિતિ સર્જાઈ હતી**



પુરી

ઓડિશાના પુરીમાં શ્રી ગુંડિચા મંદિર પાસે નાસભાગ મચી ગઈ હતી, જેમાં ઓછામાં ઓછા ત્રણ ભક્તોના મોત થયા હતા. આ સાથે, ઓછામાં ઓછા ૩૦ ભક્તો ઘાયલ થયા હોવાના અહેવાલ છે. મૃતકોમાં ૨ મહિલાઓ પણ હતી. આ ઘટના ત્યારે બની જ્યારે ભગવાન જગન્નાથ, ભગવાન બલભદ્ર અને દેવી શુભદ્રાની મૂર્તિઓ લઈને જતા ત્રણ રથ શ્રી ગુંડિચા મંદિરમાંથી પસાર થઈ રહ્યા હતા, જે જગન્નાથ મંદિરથી લગભગ ત્રણ કિલોમીટર દૂર છે, જ્યાંથી યાત્રા શરૂ થઈ હતી.

આજે સવારે લગભગ ૪.૩૦ વાગ્યે પવિત્ર રથ ગુંડિચા મંદિરમાંથી પસાર થઈ રહ્યા હતા. દર્શન માટે ભારે ભીડ એકઠી થઈ હતી. રથ નજીક પહોંચતા જ ભીડ ઝડપથી વધવા લાગી. કેટલાક લોકો પડી ગયા અને ભાગદોડ મચી ગઈ. ત્રણ લોકોના ઘટનાસ્થળે જ મોત થયા.

આમાં બે મહિલાઓ પ્રભાતી દાસ અને બસંતી સાહુ અને ૭૦ વર્ષીય પ્રેમકાંત મોહંતીનો સમાવેશ થાય છે. મૃતકો ઓડિશાના ખુર્દા જિલ્લાના રહેવાસી છે અને રથયાત્રા માટે પુરી આવ્યા હતા. સ્થાનિક મીડિયાએ અહેવાલ આપ્યો છે કે પોલીસ વ્યવસ્થા સ્થળ પર ભીડને નિયંત્રિત કરવા માટે અપૂરતી હતી. અહેવાલો અનુસાર, ઘાયલોમાંથી કેટલાકની હાલત ગંભીર છે.

ઘાયલોને તાત્કાલિક પુરી જિલ્લા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા, જ્યાં તેમની સારવાર ચાલી રહી છે. આ ઘટના શ્રી ગુંડિચા મંદિરની સામે શારદાબલી નજીક બની હતી, જ્યારે ભગવાન જગન્નાથને રથ પર બેઠેલા જોવા માટે મોટી ભીડ એકઠી થઈ હતી. આટલા મોટા ધાર્મિક કાર્યક્રમમાં જ્યાં લાખો લોકો ભેગા થાય છે, ત્યાં ભીડ નિયંત્રણ અને સુરક્ષા વ્યવસ્થાની તૈયારી પર પ્રશ્નો ઉભા થઈ રહ્યા છે. ઘટનામાં ઘાયલોને તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સમાં જિલ્લા હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા. ડોક્ટરોની ટીમ સતત તેમની સારવાર કરી રહી છે. કેટલાક ઘાયલોની હાલત ગંભીર હોવાનું કહેવાય છે.

રથયાત્રા દરમિયાન, ભગવાન જગન્નાથ, ભગવાન બલભદ્ર અને દેવી શુભદ્રાની મૂર્તિઓ લઈને જતા ત્રણ ભવ્ય રથોને ભક્તોની વિશાળ ભીડ દ્વારા ખેંચવામાં આવે છે. પવિત્ર રથોને ગુંડિચા મંદિરમાં લઈ જવામાં આવે છે. ત્રણેય દેવતાઓ જગન્નાથ મંદિરમાં પાછા ફરતા પહેલા ત્યાં એક અઠવાડિયું વિતાવે છે. આ દરમિયાન, આ વખતે રથયાત્રા શરૂ થવામાં વિલંબથી રાજકીય વિવાદ થયો છે. બીજેડી વડા અને ભૂતપૂર્વ મુખ્યમંત્રી નવીન પટનાયકે તેને ભયંકર ગડબડ ગણાવી હતી.

તેમણે કહ્યું, "આપણે ફક્ત પ્રાર્થના કરી શકીએ છીએ. મહાપ્રભુ જગન્નાથ આ વર્ષે આ દિવ્ય તહેવાર પર થયેલી ભયંકર ગડબડ માટે જવાબદાર તમામને માફ કરે." ઓડિશાના કાયદા મંત્રી પૃથ્વીરાજ હરિચંદને શ્રી પટનાયકનું નામ લીધું ન હતું, પરંતુ રાજકીય નિવેદનો આપવા બદલ બીજેડી પર ટીકા કરી હતી. તેમણે કહ્યું, "ભૂતકાળમાં, બીજેડી સરકારે ભૂલો કરી છે અને ભગવાન જગન્નાથનું અપમાન કર્યું છે."

## બે અધિકારી સસ્પેન્ડ, જિલ્લા કલેક્ટર-SPની બદલી કરાઈ

પુરી

ઓડિશાના પુરીમાં ગુંડીચા મંદિર પાસે બનેલી નાસભાગની ઘટના પર માઝી સરકારે મોટી કાર્યવાહી હાથ ધરી છે. તેમણે અવ્યવસ્થા સર્જાવવા બદલ બે અધિકારીઓને સસ્પેન્ડ કર્યા છે. ફરજમાં બેદરકારી બદલ ડીસીપી વિષ્ણુ પતિ અને કમાન્ડન્ટ અજય પાધીને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. પુરીના જિલ્લા કલેક્ટર અને પોલીસ અધિક્ષક (એસપી)ની પણ બદલી કરવામાં આવી છે. ચંચલ રાણાને નવા જિલ્લા કલેક્ટર તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. જ્યારે પિનાક મિશ્રાને નવા એસપીની જવાબદારી સોંપવામાં આવી છે. ઓડિશા સરકારે આ નાસભાગમાં જીવ ગુમાવનારા મૃતકોના પરિવારજનોને રૂ. ૨૫ લાખની આર્થિક સહાયતા પણ પ્રદાન કરી છે. રાજ્યના મુખ્યમંત્રી મોહન ચરણ માઝીના કાર્યાલયે આ અંગે માહિતી આપી હતી.મુખ્યમંત્રી કાર્યાલયે સીએમ મોહન માઝીને ટાંકીને કહ્યું હતું કે, આ ઘટનાથી હું ખૂબ જ દુઃખી અને વ્યથિત છું. રાજ્ય સરકાર વતી વ્યક્તિગત રીતે દુઃખ વ્યક્ત કર્યું છે. મુખ્યમંત્રીએ મૃતક શ્રદ્ધાળુઓના પરિવારજનો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી છે અને તેમના પરિવારજનોને ૨૫ લાખ રૂપિયાની નાણાકીય સહાય આપવા નિર્ણય લીધો છે. આ ઘટના માટે સંપૂર્ણ વહીવટી તપાસના આદેશ આપ્યા છે. વિકાસ કમિશનરની દેખરેખ હેઠળ વિગતવાર વહીવટી તપાસના આદેશ આપવામાં આવ્યા છે. સીએમઓએ વધુમાં જણાવ્યું હતું કે, પુરીના જિલ્લા મેજિસ્ટ્રેટ અને એસપીની બદલી કરવામાં આવી છે. ચંચલ રાણાને નવા જિલ્લા મેજિસ્ટ્રેટ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે, જ્યારે પિનાક મિશ્રાને નવા એસપીની જવાબદારી સોંપવામાં આવી છે.

## ઉત્તરાખંડની ચારધામ યાત્રા ૨૪ કલાક માટે રોકવામાં આવી

દહેરાદુન

ઉત્તરાખંડમાં ચાર ધામ યાત્રા આગામી ૨૪ કલાક માટે બંધ કરવામાં આવી છે. હવામાન વિભાગે ઉત્તરાખંડમાં ભારે વરસાદને લઈને રેડ એલર્ટ જારી કર્યું છે. આને ધ્યાનમાં રાખીને, વહીવટીતંત્ર સાવચેતી રાખી રહ્યું છે અને ૨૪ કલાક માટે યાત્રા બંધ રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. તે જ સમયે, ચાર ધામ રૂટ પર વિવિધ સ્થળોએ ભૂસ્ખલનની ઘટનાઓમાં પણ વધારો થયો છે. આવી સ્થિતિમાં, મુસાફરોને સતર્ક રહેવા અને કાળજીપૂર્વક મુસાફરી કરવા અપીલ કરવામાં આવી રહી છે. ઉત્તરાખંડમાં ભારે વરસાદને કારણે, ચારધામ યાત્રા આગામી ૨૪ કલાક માટે બંધ કરવામાં આવી છે. સાવચેતી રૂપે, શ્રદ્ધાળુઓને સલામત સ્થળોએ રહેવાની અપીલ કરવામાં આવી છે. માહિતી આપતાં, ગઢવાલ કમિશનર વિનય શંકર પાંડેએ જણાવ્યું હતું કે વર્તમાન હવામાન



પરિસ્થિતિઓને ધ્યાનમાં રાખીને આ નિર્ણય લેવામાં આવ્યો છે.

તેમણે કહ્યું કે મુસાફરોના જીવન અને સંપત્તિની સલામતીને ધ્યાનમાં રાખીને આ સાવચેતીભર્યું પગલું લેવામાં આવ્યું છે, જેથી રૂટ પર ફસાયેલા શ્રદ્ધાળુઓને કોઈ અસુવિધા ન થાય અને તેમને સલામત સ્થળોએ લઈ જઈ શકાય. સંબંધિત જિલ્લાઓના વહીવટને એલર્ટ પર રાખવામાં આવ્યા છે અને રાહત અને બચાવ ટીમોને સક્રિય કરવામાં આવી છે. કમિશનર પાંડેએ જણાવ્યું હતું કે આવતીકાલે હવામાન પરિસ્થિતિઓ અને માર્ગોની સમીક્ષા કર્યા પછી આગળની મુસાફરી અંગે નિર્ણય લેવામાં આવશે. શ્રદ્ધાળુઓને વહીવટીતંત્ર દ્વારા જારી કરાયેલ માર્ગદર્શિકાનું પાલન કરવા અને હવામાન સામાન્ય ન થાય ત્યાં સુધી યાત્રા સ્થળોએ ન જવાની અપીલ કરવામાં આવી છે.

હકીકતમાં, હવામાન વિભાગે રવિવારે રાજ્યભરમાં વરસાદને લઈને રેડ એલર્ટ જારી કર્યું છે. ભારે વરસાદને કારણે રાજ્યના પહાડી વિસ્તારોમાં ભૂસ્ખલનને કારણે હાઈવે બંધ છે. શનિવારે સાંજે ભૂસ્ખલનને કારણે બદ્રીનાથ હાઈવે બંધ કરવામાં આવ્યો હતો જ્યાં ૩૦૦૦ થી વધુ મુસાફરો ફસાયા હતા.

આ ઉપરાંત, યમુનોત્રી અને ગંગોત્રી માર્ગો પણ ઘણી વખત અવરોધિત થયા હતા. ટેકરી પરથી સતત પથ્થરો પડવાના કારણે કેદારનાથ અને યમુનોત્રીના પગપાળા માર્ગો પર પણ ખતરો છે, તેથી ભક્તોને ૨૪ કલાક સુધી મુસાફરી ન કરવાની અપીલ કરવામાં આવી છે.

## તંત્રીની કલમે................

# બરસો રે મેઘા મેઘા...


Editor- Nilay H. Mehta

આગાહીઓની પરંપરા છતાંય વાસ્તવમાં સમગ્ર દેશમાં ચોમાસુ ધીમું પડયું છે, લગભગ ચોમાસાની વિદાય જેવું વાતાવરણ છે, એને કારણે કિસાનોમાં ચિંતાનું વાતાવરણ છે. પૂર્વ ભારતમાં હજુ પણ વરસાદી વાદળો છવાયેલાં છે અને બ્રહ્મપુત્ર નદી જે દર વર્ષે ભરચોમાસે પાગલ થતી હોય છે તે આ વખતે બહુ વહેલા તોફાની બની ગઈ હતી. આસામના મોટાભાગના વિસ્તારોમાં જળ પ્રલયની પરિસ્થિતિ હતી અને છેલ્લા બે દિવસથી ફરી એની એ જ પ્રલય દશામાં આસામ ધકેલાઈ ગયું છે. બ્રહ્મપુત્રના ઘૂઘવાટા કરતા અને ફૂંફાડા મારતા પ્રવાહો ચોતરફ ફરી વળ્યા છે. સરેરાશ જુઓ તો ઉત્તર ભારતમાં વરસાદ પાછો પડયો છે. વરસાદના નવા રાઉન્ડની આગાહી હવામાન ખાતાએ કરી હતી પણ માંગ્યા મેહ એમ કાંઈ વરસે? હિમાચલ, આસામ અને ઉત્તરાખંડમાં નાગરિકોની જે પરિસ્થિતિ હોય છે એનાથી બાકીનું શેષ ભારત હજુ વાકેફ નથી. આટલી જ તબાહી જો મહારાષ્ટ્ર કે ઉત્તર પ્રદેશમાં થઈ હોત તો પુર રાહતના ધમધોકાર કામ શરૂ થઈ ગયા હોત. રાજ્ય તરીકે કે મનુષ્ય તરીકે નાના હોવું એ ભારતમાં સૌથી મોટી આપત્તિ છે.

કર્ણાટક અને કેરળથી દૂર અરબી સમુદ્રમાં હવાનું હળવું દબાણ અત્યારે સેટેલાઈટ નકશામાં દેખાય છે, જે આવનારા થોડા દિવસમાં કેરળ, કર્ણાટક અને મહારાષ્ટ્ર પર ધોધમાર વરસાદ તાણી લાવશે. પરંતુ એ માત્ર સંભાવના છે. ઉપરાંત એ જ હવાનું હળવું દબાણ ઉપર આવતા દક્ષિણ ગુજરાતને નવેસરથી ફરી સ્પર્શ કરશે અને ત્યાં પણ ધોધમાર વરસાદ આવશે. અગાઉ વડોદરા એમ આ વખતે સુરત જળ છે. હવે ઉત્તર ભારત ચૈતર-વૈશાખના ધોમ ધખતા હોય એટલી ગરમીનો અનુભવ કરે છે. ગુજરાતમાં ચોમાસાની ફરી જમાવટ તારીખ ક્યારે થશે એ પ્રશ્ન છે. તો પણ અરબી સમુદ્રના પ્રભાવથી પ્રચ્છન્ન વરસાદ તો રહેશે. જેમણે વાવણી કરી દીધી છે એમને ટેકો મળી જાય એવી સંભાવના છે. જેમણે પોતાના પાકને એકાદ-બે પાણ પાવામાં એટલે કે થોડી સિંચાઈ કરી લેવામાં વાંધો નથી એને તો કોઈ તકલીફ જ નથી. આ વખતે જેને વરસાદ પહેલાની ઝલક કહેવાય એટલે કે પ્રિ-મોન્સૂન શાવર એના નિયત સમયપત્રક કરતાં વહેલા હતા અને એને કારણે જ અસલી ચોમાસુ પણ વેરવિખેર થયેલું છે.બંગાળના અખાત પર આકાર લેતા વાતાવરણનો જે લાભ પૂર્વ ભારતથી શરૂ કરીને મધ્ય અને પશ્ચિમ ભારતને તથા પાકિસ્તાન સુધી મળતો રહ્યો છે તેમાં આ વખતે હિમાલયન પવનોએ દિશા બદલતા ચિત્ર બદલાયું છે. શ્રીલંકાથી બંગાળના અખાત સુધીના દરિયા પર વરસાદી પવનોએ એકચક્રી શાસન કર્યું હતું. બંગાળના અખાતમાંથી સર્જાયેલાં વાદળોના ઘટાટોપ સમૂહને ભારતના મધ્ય પટ્ટામાં વહેતા કરવા માટે પૂર્વથી પશ્ચિમ તરફનો પવન જરૂરી હોય છે, પરંતુ ગુજરાતમાં રોજ સાંજે પ્રજાને અનુભવ થાય છે તેમ પવન હમણાંથી પડી જાય છે, એટલે કે સ્થિર થઈ જાય છે. ગયા વરસે તો આસામ ઉપર પણ પવન સ્થિર થઈ જતા અને હિમાલયન પવનો ઈશાન દિશાથી ગુજરાત તરફ જવાને બદલે પૂર્વ તરફ ફંટાયા છે, એટલે બંગાળના અખાત ઉપરનો ચોમાસાનો પ્રથમ રાઉન્ડ એકસાથે આસામમાં વરસી પડયો હતો, જેનો ભારતનાં અન્ય રાજ્યોને લાભ મળ્યો નથી અને આસામમાં જળ પ્રલય થઈ ગયો હતો.ગયા વરસે ગુજરાતમાં લીંબુના ભાવ એક કિલોના ત્રણસો રૂપિયા સુધી પહોંચી ગયા હતા.


સમગ્ર ગુજરાત માં પત્રકારો અને જાહેરાત નું કામ કરી શકે તેવા ઉમેદવારો નીમવાના છે

"વિશ્વ સમાચાર" અખબારમાં પત્રકાર તરીકે ત્થા જાહેરાત નું કામ કરી શકે તેવા યુવક - યુવતીઓ નીમવાના છે. જે ઉમેદવારને બાયોડેટા સાથે કાર્યાલય નો સંપર્ક કરવો.

"વિશ્વ સમાચાર"

મો. ૯૨૭૪૫ ૪૫૪૫૫

Email : vishvasamacharindia@gmail.com


### પોલીસે ૧૨ શખસોની ધરપકડ કરી

# સુરતમાંથી નકલી સોનાના દાગીના બનાવતું એક કારખાનું ઝડપાયું

## દાગીના ઉપર ૧૦૦% શુદ્ધનો સિક્કો મારીને તેમાં માત્ર ૨૩% ગોલ્ડ નાખી હોલમાર્કની સિક્કો લગાવીને વેચાણ કરતા હતા

સુરત

ગુજરાતમાં છેલ્લા ઘણાં સમયથી નકલીની બોલબાલા છે. નકલી અધિકારીઓ અને નકલી વસ્તુઓ કિસ્સાઓ વધ્યા છે. ત્યારે હવે સુરતના સરથાણા વિસ્તારમાં નકલી સોનાના દાગીના બનાવતી ગેંગ ઝડપાઈ છે. જે અસલી સોનાના હોલમાર્કા સાથે ભેળસેળયુક્ત નકલી સોનાના દાગીના વહેંચતા હતા. આ મામલે પોલીસે ૧૨ શખસોની ધરપકડ કરી છે. મળતી માહિતી અનુસાર, સુરતના સરથાણા વિસ્તારમાંથી હોલમાર્ક ખરા પરંતુ તેમા ભેળસેળયુક્ત નકલી સોનાના દાગીના બનાવતુ કારખાનું ઝડપાયું છે. આ કારખાનામાં ઉત્પાદિત થતા દાગીના ઉપર ૧૦૦% શુદ્ધનો સિક્કો મારીને તેમાં માત્ર ૨૩% ગોલ્ડ નાખી હોલમાર્કની સિક્કો લગાવીને વેચાણ કરતા હતા. આ અંગે પર્દાફાશ ત્યારે થયો જ્યારે મુખ્ય આરોપી વિવેક સોની સહિતના આરોપીઓ યોગી ચોક ખાતે આવેલા જ્વેલરી સ્ટોરમાં નકલી સોનાની ચેઈન વહેંચવા ગયા હતા. જ્વેલર્સના માલિકને સોનું નકલી જણાતા તેણે પોલીસને જાણ કરી હતી.

આ મામલે પોલીસે અલગ અલગ ટીમ બનાવીને આરોપીઓ સુધી પહોંચવા તપાસ હાથ ધરી હતી. ત્યારબાદ ઉત્રાણ પોલીસ મથકની હદમાં આવેલ વેલંજા ખાતે રુદ્રાક્ષ સોસાયટીમાં પોલીસે દરોડા પાડ્યા હતા. જ્યા ઘરમાં જ અસલી સોનાના નામે ભેળસેળયુક્ત નકલી સોનાના દાગીના બનાવતા હતા. પોલીસે સ્થળ પરથી ચાર ચેઈન, ચેઈન બનાવવાનું મશીન, અને હોલમાર્કનો સિક્કો સહિતની સામગ્રી જપ્ત કરીને કુલ ૧૨ આરોપીઓની ધરપકડ છે.

પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે, મુખ્ય આરોપી વિવેક સોની સહિત ૧૨ લોકો સાથે મળી ભેળસેળયુક્ત સોનુ બનાવતા હતા. એક મહિનાથી આ કારખાનું ચલાવવામાં આવતું હતું. આ મામલે વધુ તપાસ ચાલી રહી છે.

# ખેડુતે મગફળીના પાકનું વળતર ન મળતા ગળાફાંસો ખાધો

રાજકોટ

રાજકોટના જામકંડોરણામાં એક ખેડૂતે આર્થિક ભીંસમાં આવી જતા આત્મહત્યા કરી લીધી છે. ખેડૂતે ધીરાણ લઈ મગફળનું વાવેતર કર્યુ હતુ પરંતુ ખર્ચ નીકળે તેટલુ પણ વળતર ન મળતા ખેડૂત નાસીપાસ થઈ ગયો અને ગળાફાંસો મોતને વ્હાલુ કરી લીધુ. રાજકોટ જિલ્લાના જામકંડોરણાથી અત્યંત કાળજુ કંપાવી દેનારી હદય દ્રાવક ઘટના સામે આવી છે. જ્યાં જામદાદાર ગામે ખેડૂતે આર્થિક તંગી અને નુકસાનીથી કંટાળી ગળેફાંસો ખાઈ આપઘાત કરી લીધો. જામદાદર ગામના મૃતક ખેડૂત માધાભાઈ રાઠોડે ૭ વિઘા ખેતરમાં મગફળીનું વાવેતર કર્યું હતું.

મગફળીના વાવેતરમાં ખર્ચ જેટલું પણ વળતર ન મળ્યું જેથી ખેડૂત હતાશ થઈ ગયો હતો.

### સુકાન પદ માટે દિલ્હી સુધી લગાવ્યો દાવ

# કોંગ્રેસમાં હવે પાટીદાર નેતાને સુકાન પદ સોંપાય તેવી માંગ ઉઠી

## શક્તિસિંહ ગોહિલનું રાજીનામું કોંગ્રેસ માટે મોટો ફટકો છે પરંતુ હવે સવાલ એ છે કે, કાંટાળો તાજ કોણ પહેરશે

અમદાવાદ

ગુજરાત કોંગ્રેસમાં એક સાંધો ત્યાં તેર તૂટે જેવી સ્થિતિ છે. માંડ માંડ થાળે પડવા જેવું લાગે ત્યાં એવું કંઈક થાય કે આખું માળખું વિખેરાઈ જાય. પેટાચૂંટણીમાં હાર બાદ શક્તિસિંહ ગોહિલનું રાજીનામું કોંગ્રેસ માટે મોટો ફટકો છે. પરંતુ હવે સવાલ એ છે કે, કોંગ્રેસનો આ કાંટાળો તાજ કોણ પહેરશે. ત્યારે ફરી એકવાર નામ પર ચર્ચા શરૂ થઈ ગઈ છે. કડી અને વિસાવદરની પેટાચૂંટણીમાં હારની નૈતિક જવાબદારી સ્વીકારીને શક્તિસિંહ ગોહિલે પ્રમુખ પદેથી રાજીનામું આપ્યું. ત્યારે હવે પક્ષમાં નવા ચર્ચા શરૂ થઈ ગઈ છે કે, હવે કોંગ્રેસની કમાન કોને સોંપાશે. ત્યારે હવે નવા નવા નામ સામે આવી રહ્યાં છે. ગુજરાત કોંગ્રેસના નવા સુકાનીનું નામ એકાદ સપ્તાહમાં જાહેર થઈ જાય તેવી શક્યતા છે. ત્યારે કોણ કોણ પ્રમુખપદના પ્રબળ દાવેદાર છે, તેવી ચર્ચા વેગવંતી બની છે. આવામાં પાટીદાર નેતાને પાર્ટીની કમાન સોંપાય તેવી પ્રબળ શક્યતાઓ છે.

લાંબા સમયથી પક્ષમાં પાટીદાર નેતાને પ્રમુખ બનાવાય તેવી માંગ ઉઠતી રહી છે. સાથે જ કોંગ્રેસમાં પાટીદાર નેતાઓની સતત અવગણના થઈ રહી છે તેવી પણ કાનાફૂસી થઈ રહી છે. આવામાં હવે પાટીદાર નેતા જ પ્રમુખ પદે આવે તેવી શક્યતાઓ વધી ગઈ છે. પક્ષના પાટીદાર નેતાઓ પાર્ટીની કમાન પાટીદાર નેતાને સોંપાય તેવી માંગ કરી રહ્યાં છે. સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી અનુસાર, આગામી બે ચાર દિવસમાં પ્રદેશ કોંગ્રેસ સમિતીએ પાટીદાર નેતાઓની એક બેઠક મળવાની છે. જેમાં તમામ પાસાઓની ચર્ચા કરાશે. પાટીદાર નેતાઓ દિલ્હી જઈને રાહુલ ગાંધીને મળીને આ મુદ્દે રજૂઆત પણ કરશે.

આમ, પાટીદારોએ પણ પ્રદેશ પ્રમુખપદને લઈને મોરચો ખોલ્યો છે. પાટીદાર નેતાઓએ ગાંધીનગરમાં પણ બેઠક કરી હતી, જેમાં પક્ષના ધારાસભ્યો અને નેતાઓ મળ્યા હતા. જેમાં પણ એકસૂર હતો કે, પાટીદારને કોંગ્રેસમાં પ્રતિનિધિત્વ મળતું નથી. તેથી હવે પાટીદાર નેતાને તક આપવી જોઈએ.

### મહંત દિલીપદાસની માર મારવાના વીડિયો પર સ્પષ્ટતા

# વાઈરલ વીડિયો અને રથયાત્રાનો બેકાબૂ હાથી અલગ અલગ છે

## મહાવતે મારવાની દ્રષ્ટિએ હાથીને નથી માર્યો : હાથીના વર્તન પર તેની ભાષામાં તેને સમજાવવા આ પ્રક્રિયાનો ઉપયોગ કર્યો હશે



અમદાવાદ

ભગવાન જગન્નાથજીની ૧૪૮મી રથયાત્રામાં ખાડીયા પાસેથી પસાર થતા સમયે ડી.જે મ્યુઝિકના ઊંચા અવાજ ભડકેલા એક નર હાથી અને બે માદા હાથી બેકાબુ બનતા અફરાતફરી મચી ગઈ હતી.

બાદમાં આ હાથીઓને રથયાત્રાથી અલગ કરીને મંદિર પાસે આવેલા હાથીખાના પરિસરમાં લઈ જવામાં આવ્યા હતા. આ ઘટના બાદ સોશિયલ મીડિયામાં એક વીડિયો વાઈરલ થયો હતો. જેમાં હાથીનો મહાવત તે નિર્દોષ હાથીને ફટકા મારતો જોવા મળી રહ્યો હતો.

આ સમગ્ર વીડિયો વાઈરલ થવા મામલે ગાયકવાડ હવેલી પોલીસ જગન્નાથજી મંદિરના સંચાલકો પાસેથી વીડિયો અંગે ખરાઈ કરવા માટે રિપોર્ટ માંગ્યો છે. સાથે સાથે ખાનગીમાં તપાસ શરૂ કરાવી છે. જેના આધારે આગામી દિવસોમાં હાથીને માર મારનાર મહાજન અને તેની સાથે જોવા મળતા અન્ય શખસ વિરૂદ્ધ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

જોકે, આ વિશે હવે મહંત દિલીપદાસજી મહારાજની પ્રતિક્રિયા સામે આવી છે. જેમાં તેમણે કહ્યું કે, મહાવતે મારવાની દ્રષ્ટિએ હાથીને નથી માર્યો. હાથીના વર્તન પર તેની ભાષામાં તેને સમજાવવા માટે આ પ્રક્રિયાનો ઉપયોગ કર્યો હશે. મારવાની ભાવનાથી તેની પર કોઈ પ્રકારની હિંસા નથી કરાઈ. જે પ્રકારે આપણો પોતાનો છોકરો કંઈ તોફાન કરતો હોય તો તેને સમજાવવાની દરેકની ટેક્નિક અલગ હોય છે. મહાવત હાથીના અંગ પર બે-ચાર વખત આવું કંઈક કરે એટલે તે સમજે કે, તું આવું ન કર. બસ આ જ પ્રકારે તેને માર્યુ હશે. આ ગજરાજને કોઈ જોર જબરદસ્તી કરવામાં નથી. આ ગજરાજ ખાઈ-પીને તેની જગ્યાએ મસ્ત છે. એ ગજરાજની આખી વસ્તુ અલગ છે અને આ ગજરાજની વાત પણ જૂદી છે. હાલ, આ ગજરાજ અમારી પાસે જ છે, સુરક્ષિત છે અને ખાઈ-પીને મસ્ત છે.

આ વિશે વધુ વાત કરતા તેમણે જણાવ્યું કે, ગજરાજને અમે વર્ષોથી પ્રેમથી રાખીએ છીએ, ખર્ચો કરીએ છીએ. રથયાત્રામાં બેકાબૂ થયા હતા એ ગજરાજ હવે શાંત છે. ગજરાજને કોઈ તકલીફ નથી. રથયાત્રાના ગજરાજ અને આ વીડિયો છે, તે બંને ગજરાજ અલગ છે.

### રમેશભાઈ ઝાલાવાડીયા નામના ખેડૂત સારવાર હેઠળ

# ગીર સોમનાથમાં દીપડાએ ખેડૂત પર હુમલો કર્યાની ઘટના બની

## દીપડો અહીંથી ભાગીને કોઈ અન્ય પર હુમલો કરે તે પહેલા તેને રસોડામાં પૂરી દેવામાં આવ્યો હતો

ગીર સોમનાથ

દક્ષિણ સૌરાષ્ટ્રના ઉનામાં ધ્રૂજાવી નાખે તેવી ઘટના બની છે, જેમાં એક વ્યક્તિ પર દીપડા દ્વારા હુમલો કરવામાં આવ્યો છે. આ હુમલામાં ઘાયલ થયેલા રમેશભાઈ ઝાલાવાડીયા નામના ખેડૂત સારવાર હેઠળ છે. તેઓ પોતાના ઘરમાં હતા ત્યારે દીપડા દ્વારા તેમના પર હુમલો કરી દેવામાં આવ્યો હતો. જોકે, તેમનો જીવ બચી ગયો છે અને આ પછી દીપડો રસાડામાં ઘૂસી ગયો હતો. દીપડો અહીંથી ભાગીને કોઈ અન્ય પર હુમલો કરે તે પહેલા તેને રસોડામાં પૂરી દેવામાં આવ્યો હતો. આ ઘટનાની વનવિભાગને જાણ થતાં ટીમ આવી પહોંચી હતી અને દીપડાનું રેસ્ક્યૂ કરવામાં આવ્યો છે.

ગીર સોમનાથના ઉનાના આમોદ્રા ગામમાં આ ઘટના બની છે. જેમાં દીપડો રહેણાક વિસ્તારમાં આવી ચઢતા સવારમાં માહોલ ભયજનક બન્યો હતો. પશુના વાડામાં અવાજ આવતા ખેડૂત રમેશભાઈ ત્યાં જોવા માટે ગયા હતા. આ દરમિયાન અચાનક દીપડાએ તેમના પર હુમલો કરી દીધો હતો. રમેશભાઈને દીપડાના હુમલામાં ડાબા હાથમાં ઈજાઓ પહોંચી હતી. જેઓ હાલ સારવાર હેઠળ છે.તેમના ડાબા હાથમાં દીપડાએ કરેલા હુમલાના કારણે હાથમાંથી માંસ નીકળી ગયું હોય તેવી સ્થિતિ બની ગઈ હતી, આ દરમિયાન રમેશભાઈએ દીપડાથી બચવાના પ્રયાસો કર્યા જેમાં તેમણે સફળતા મળી ગઈ હતી. દીપડાનો હુમલો થતાં ખેડૂતનો અવાજ અને કંઈક અજુગતું થયું હોવાની જાણ થતાં આસપાસમાંથી લોકો ઘટના સ્થળ પર દોડી આવ્યા હતા.

રમેશભાઈ પર હુમલો કર્યા બાદ દીપડો રસોડામાં ઘૂસી ગયો હતો અને પછી તેને ત્યાં જ પૂરી દેવામાં આવ્યો હતો, ઘટના અંગે વનવિભાગને જાણ કરવામાં આવી છે. રસોડામાં દીપડો પૂરાઈ ગયો હોવાની વાત ફેલાઈ જતાં લોકો દીપડો જોવા માટે દોડી આવ્યા હતા. વનવિભાગની ટીમે દીપડાને પકડવા માટે તેને ગનથી બેભાન કરીને પકડી પાડ્યો હતો.

રસોડામાં દીપડો પૂરાઈ ગયા બાદ તે ગુસ્સામાં આવી ગયો હતો અને તેના અવાજોથી લોકોમાં ફફડાટ વ્યાપી ગયો હતો. વનવિભાગની ટીમે બેભાન કરેલા દીપડાને પકડીને જશાધાર એનિમલ કેર સેન્ટલ લઈ જવામાં આવ્યો હતો. ગામમાં હિંસક પ્રાણીઓની અવરજવરના કારણે લોકોમાં હજુ ભયનો માહોલ છે.

# જામનગરમાં ટ્રક ચાલકે કારને ઠોકરે ચડાવતાં ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાયા

જામનગર,

જામનગરમાં બેડી બંદર રોડ-પંડિત નહેરુ માર્ગ પર સેન્ટ આન્સ સ્કૂલ પાસે જ આજે સ્કૂલ છૂટવાના સમયેજ એક ટ્રક ચાલકે વિદ્યાર્થીને લેવા માટે આવેલા પરિવારની કારને ઠોકરે ચડાવતાં ભારે ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાયા હતા.

સદભાગ્યે કોઈ જાન હાની થઈ ન હતી, પરંતુ સ્કૂલ છૂટવાનો સમય હોવાથી ઉપરોક્ત સ્થળે ભારે ટ્રાફિક જામ સર્જાયો હતો, અને વિદ્યાર્થીઓ અને તેમના વાલીઓમાં દેકારો બોલી ગયો હતો.

જામનગરના પંડિત નહેરુ માર્ગ પર દિવસ દરમિયાન ભારે વાહનોની અવરજવર માટેનો પ્રતિબંધ છે, અને તે માટેનું વિશેષ જાહેરનામું પણ અમલમાં છે.

પરંતુ તંત્ર દ્વારા તેની કોઈ અમલવારી કરાવાતી ન હોય, તેમ સરેઆમ નિયમોનો ઉલાળીયો કરીને હેવી ટ્રક ચાલકો બેભામ ગતિએ આવતા હોય છે, જેના કારણે અનેક લોકોના જીવ તાળવે ચોંટી જાય છે. આવા હેવી વાહન ચાલકો સામે તંત્રએ આકરા પગલાં લેવા જોઈએ તેવી લોક માંગણી ઉઠી છે.

# લાલપુર અને કાલાવડમાં જુગાર અંગે ચાર સ્થળે દરોડા

## બે મહિલા સહિત ૨૦ જુગારીઓની અટકાયત

જામનગર

જામનગર શહેર લાલપુર અને કાલાવડ પંથકમાં ગઈ રાત્રે પોલીસે જુગાર અંગે ચાર સ્થળે દરોડા પાડ્યા હતા અને બે મહિલા સહિત ૨૦ પત્તા પ્રેમીઓની અટકાયત કરી લઈ રોકડ રકમ તેમજ જુગારનો સામાન કબજે કર્યો છે.

જુગારનો પ્રથમ દરોડો જામનગરમાં ઠેબા ચોકડી પાસે આવેલી એક વાડીમાં પાડવામાં આવ્યો હતો. જયાંથી જાહેરમાં જુગાર રમી રહેલા સાગર દયાળજીભાઈ નકુમ, લાલજીભાઈ બાબુભાઈ કછેટીયા, રોહિત હસમુખભાઈ કછેટીયા, રજનીકાંત જયંતીલાલ નકુમ અને જગદીશ નાનજીભાઈ કછેટીયાની અટકાયત કરી લઈ તેઓ પાસેથી રૂપિયા ૧૨,૧૦૦ ની રોકડ રકમ અને જુગારનો સામાન કબજે કર્યો છે.

જુગારનો બીજો દરોડો લાલપુર તાલુકાના પીપરટોડા ગામમાં પાડવામાં આવ્યો હતો. ત્યાંથી જાહેરમાં જુગાર રમી રહેલી કાજલબેન મનુભાઈ માલદી, ઉપરાંત દિવ્યરાજસિંહ ઈન્દ્રજીતસિંહ જાડેજા, પંકજસિંહ નારૂભા જાડેજા, ધર્મેન્દ્રસિંહ રઘુભા જાડેજા અને રણછોડભાઈ ગોરધનભાઈ પટેલની અટકાયત કરી લઈ તેઓ પાસેથી રૂપિયા ૧૮,૦૪૦ ની રોકડ રકમ કબજે કરી છે. જુગાર અંગેનો ત્રીજો દરોડો કાલાવડ નજીક રણુજા રોડ ઉપર એક ધાર્મિક સ્થળની બાજુમાં પાડવામાં આવ્યો હતો. જયાંથી ગંજીપાના વડે જુગાર રમી મહેશ મનુભાઈ કપુરીયા સહિત ૭ આરોપીની અટકાયત કરી લઈ તેઓ પાસેથી રૂપિયા ૧૨,૮૫૦ ની રોકડ રકમ અને જુગારનો સામાન કબજે કર્યો છે.

જુગાર અંગેનો ચોથો દરોડો જામનગરના બેડેશ્વર નજીક ગરીબ નગરમાં પાડવામાં આવ્યો હતો. ત્યાંથી જાહેરમાં ગંજી પાના વડે જુગાર રમી રહેલી શેરબાનુ લાખાભાઈ સંધિ તેમજ સલીમ કરીમભાઈ જેડા, ઓસમાન જાનમામદ સફિયા, અને રફીક સલીમભાઈ વગેરેની અટકાયત કરી લઈ તેઓ પાસેથી રૂપિયા ૪,૨૫૦ ની રોકડ કબજે કરી છે.

### કેન્દ્રીય મંત્રીનું મોટું નિવેદન

# અમદાવાદ પ્લેન ક્રેશ મામલે ષડયંત્રના એંગલથી પણ તપાસ કરવામાં આવશે

## મુરલીધર મોહોલે જણાવ્યું કે, એર ઈન્ડિયાનું ક્રેશ થયેલા વિમાનનું બ્લેક બોક્સ AIB પાસે છે, વિદેશ નથી મોકલાયું



અમદાવાદ

દુનિયામાં જ્યારે કોઈ મોટો અકસ્માત થાય છે તો લોકોમાં આ અકસ્માતનું અસલી કારણ જાણવાની ઈચ્છા હોય છે. આ સાથે જ સરકાર અને સિસ્ટમને પણ તપાસને પૂર્ણ કરવાની ઉતાવળ હોય છે. ઘણીવાર આ તપાસ અનેક દિવસો સુધી ચાલે છે, જેમાં અકસ્માતને લઈને તમામ પ્રકારની સંભાવનાઓ પર તપાસ કરવામાં આવે છે.

અમદાવાદમાં થયેલી વિમાન દુર્ઘટનાને ૧૭ દિવસ વીતી ગયા છે અને હજુ સુધી આ અકસ્માતમાંથી મળી આવેલા બ્લેક બોક્સની તપાસ કરવામાં આવી રહી છે. જોકે, હજુ સુધી તેનો કોઈ રિપોર્ટ સામે નથી આવ્યો. હવે આ અકસ્માતને લઈને અલગ-અલગ એન્ગલથી તપાસ કરવામાં આવી રહી છે. નાગરિક ઉડ્ડયન રાજ્ય મંત્રી મુરલીધર મોહોલે જણાવ્યું કે, તપાસ એજન્સી આ અકસ્માતને લઈને ષડયંત્રના એન્ગલથી પણ તપાસ કરી રહી છે.

મુરલીધર મોહોલે જણાવ્યું કે, એર ઈન્ડિયાનું ક્રેશ થયેલા વિમાનનું બ્લેક બોક્સ AIB પાસે છે, તેની તપાસ માટે તેને વિદેશ નથી મોકલવામાં આવ્યું. એઆઈબી આ અકસ્માતના અલગ-અલગ એન્ગલની તપાસ કરી રહી છે કે ક્યાંક આ અકસ્માત જાણી જોઈને કરવામાં આવેલી ગડબડ તો નથી ને? હાલ, તપાસ એજન્સી સીસીટીવી કેમેરાની ફૂટેજ ચેક કરી રહી છે કે, ક્યાંક પ્લેન ટેક ઑફ કરે તે પહેલાં તો કંઈ તોડફોડ કરવામાં નથી આવી ને? આ અકસ્માતને લઈને અનેક એજન્સીઓ એકસાથે તપાસ કરી રહી છે. નોંધનીય છે કે, ગુજરાતના અમદાવાદમાં ૧૨ જૂને એક ભયાનક અકસ્માત થયો હતો. આ અકસ્માતમાં વિમાનમાં સવાર ૨૪૧ અને મેડિકલ કોલેજની બિલ્ડિંગની અંદર તેમજ આસપાસ હાજર આશરે ૩૩ લોકોનું મોત નિપજ્યું હતું. આ અકસ્માતમાં વિમાનમાં સવાર એક શખસનો જીવ બચી ગયો હતો. અકસ્માત બાદથી સતત તપાસ શરૂ છે. જોકે, હજુ સુધી અકસ્માતને લઈને કોઈપણ રિપોર્ટ સામે નથી આવ્યો. હવે મંત્રીએ જણાવ્યું કે, અકસ્માતને લઈને તમામ એન્ગલની તપાસ કરવામાં આવી રહી છે, જેમાં અકસ્માત પહેલાંના સીસીટીવીથી લઈને જાણી જોઈને કરવામાં આવેલી ગડબડી સુધીના તમામ એન્ગલની તપાસ થશે. જોકે, નિષ્ણાતો આ મુદ્દે પોતાનું મંતવ્ય આપી ચુક્યા છે અને તેમનું માનવું છે કે, આ અકસ્માત બંને એન્જિન ફેઈલ થવાના કારણે થયો હતો.

### વરસાદની આગાહી સાથે યલો એલર્ટ જાહેર

# હવામાન વિભાગે ભારેથી અતિ ભારે વરસાદની આગાહી કરી

## ૩૦મી જૂનથી ૩મી જુલાઈ સુધીમાં કચ્છ, સૌરાષ્ટ્ર, મધ્ય અને દક્ષિણ ગુજરાતમાં વરસાદની તીવ્રતા વધશે

અમદાવાદ

ગુજરાતમાં અમદાવાદ સહિત મોટાભાગના જિલ્લામાં વરસાદી માહોલ છવાયો છે. ગુજરાતના હવામાનમાં ભેજનું પ્રમાણ પણ ઓછું થતુ હોય તેવું અનુભવાઈ રહ્યુ છે. ત્યારે ગુજરાતમાં આગામી સમયમાં પણ હવામાન વિભાગે ભારેથી અતિ ભારે વરસાદની આગાહી કરી છે.

હવામાન વિભાગની આગાહી મુજબ, આજે રવિવારે, ૨૯મી જૂનના રોજ કચ્છ, બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લી, મહીસાગર, દાહોદ, પાટણ, મહેસાણા, ગાંધીનગર, અમદાવાદ, સુરેન્દ્રનગર, મોરબી, બોટાદ, ભાવનગર, અમરેલી, જૂનાગઢ, ગીરસોમનાથ, ભરૂચ, સુરત, નવસારી, વલસાડ જિલ્લામાં ભારે વરસાદની આગાહી સાથે યલો એલર્ટ જાહેર કર્યુ હતું. હવામાન વિભાગે આપેલા મેપ પ્રમાણે, સોમવારે, ૩૦મી જૂનના દિવસે કોઈપણ જગ્યાએ અતિ ભારે કે અત્યંત ભારે વરસાદની આગાહી નથી. સોમવારે ૧૩ જિલ્લામાં હવામાન વિભાગે યલો એલર્ટ જાહેર કર્યુ છે. જેમાં અમરેલી, ગીર સોમનાથ, ભાવનગર, આણંદ, વડોદરા, છોટા ઉદેપુર, ભરૂચ, નર્મદા, સુરત, નવસારી, તાપી, ડાંગ, વલસાડ જિલ્લામાં ગાજવીજ સાથે ભારે વરસાદની આગાહી આપી છે.પહેલી જુલાઈના રોજ વરસાદનું જોર ઘટતું હોય તેમ લાહી રહ્યું છે. મંગળવારે અમરેલી, ગીર સોમનાથ, ભાવનગર, અરવલ્લી, મહીસાગર, દાહોદ, પંચમહાલ, સુરત, તાપી, નવસારી, તાપી, ડાંગ, વલસાડ જિલ્લામાં ગાજવીજ સાથે ભારે વરસાદની આગાહી આપી છે. હવામાન વિભાગે આપેલી માહિતી પ્રમાણે, બીજી અને ત્રીજી તારીખના રોજ અતિ ભારેથી ભારે વરસાદની આગાહી આપવામાં આવી છે.

### યાત્રિકોની સલામતીને ધ્યાને રાખીને આ નિર્ણય લેવામાં આવ્યો

# જૂનાગઢમા ભારે પવન ફૂંકાવાના કારણે ગિરનાર રોપ-વે બંધ કરાયો

## પવનની ગતિ સ્થિર થતાં રોપ-વેની સેવા ફરી શરૂ કરવામાં આવશે, હાલમાં રોપ-વે સેવા બંધ છે જેની યાત્રિકો ખાસ નોંધ લે

જૂનાગઢ

જૂનાગઢના ગિરનાર પર્વત પર ભારે પવન ફૂંકાવાના કારણે રોપ-વે સેવા હાલમાં બંધ કરી દેવાઈ છે, ઘણા દિવસથી ભારે પવનના કારણે સંચાલન પર તેની અસર પડી રહી છે તો યાત્રિકોની સલામતીને ધ્યાને રાખીને આ નિર્ણય લેવામાં આવ્યો છે, પવનની ગતિ સ્થિર થતાં રોપ-વેની સેવા ફરી શરૂ કરવામાં આવશે, હાલમાં રોપ-વે સેવા બંધ છે જેની યાત્રિકો ખાસ નોંધ લે.હાલ ગુજરાતભરમાં વરસાદ અને પવનનું જોર વધ્યુ છે, ગિરનાર રોપ-વેની રોજના હજારો યાત્રિકો સેવા લેતા હશે પરંતુ કોઈ દુર્ઘટના ના સર્જાય તેને લઈ રોપ-વે કંપની દ્વારા હાલમાં રોપ-વેની સેવા અટકાવી દેવામાં આવી છે,ભારે પવન પર્વત પર ફૂંકાતા આ નિર્ણય લેવામાં આવ્યો છે. મેનેજરનું કહેવું છે કે આવતીકાલ સુધી વાતાવરણ સ્થિર થશે તો ફરીથી રોપ-વે સેવા શરૂ કરવામાં આવશે.વરસાદની સાથે તેજ ગતિથી પવન પણ ફૂંકાઈ રહ્યા છે. સાથે ગિરનારના જંગલમાં પણ છેલ્લા ચાર દિવસથી પવની ઝડપ વધી રહી છે જેના કારણે રોપ-વેનું સંચાલન બંધ કરાયું છે. ઉષાબ્રેકો કંપની સંચાલિત રોપ- વેના જૂનાગઢના રેસીડેન્ટ મેનેજર કુલબીરસિંઘ બેદીએ જણાવ્યું હતું કે,ભારે પવન ફૂંકાવાના કારણે હાલમાં રોપ-વેની સેવા બંધ રહી છે, જે લોકોએ એડવાન્સ બુકિંગ કરાવ્યું હતુ તેમને મેસેજ કરીને આ બાબતે ધ્યાન દોરવામાં આવ્યું છે. ગિરનાર રોપ-વે સેવા શરૂ થવાથી વધુ પ્રમાણમાં પ્રવાસીઓનું આકર્ષણ જૂનાગઢ પ્રત્યે વધ્યું છે.વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે ગિરનાર રોપવેનું ઈ-લોકાર્પણ કરવામાં આવ્યું હતું આ રોપવે એશિયાનો સૌથી મોટો ટેમ્પલ રોપવે છે. છેલ્લાં કેટલાંક વર્ષોથી ગિરનાર રોપવે યોજના સાકાર કરવા માટે વખતોવખત સરકાર દ્વારા તેમજ જૂનાગઢના સ્થાનિક લોકો દ્વારા અનેક પ્રયાસો કરવામાં આવ્યા હતા. અનેક વિઘ્નો અને અંતરાયોને પાર કરી આખરે રોપવે યોજના જૂનાગઢમાં કાર્યરત છે.જૂનાગઢના ગિરનારમાં ક્યારેક પવની ગતિ વધારે હોય છે. જેના કારણે જૂનાગઢ ગિરનારની રોપ વે સેવા બંધ કરવાનો નિર્ણય લેવામાં આવે છે. સુરક્ષાના કારણોસર રોપ-વે સેવા બંધ રાખવાનો નિર્ણય લેવામાં આવતો હોય છે. ખાસ કરીને ગિરનાર શિખર પર ૫૦-૫૪ કિમી પ્રતિકલાકની ઝડપે પવન ફૂંકાય છે. તીવ્ર ગતિના પવનમાં રોપ વે સેવા દરમિયાન કોઈ દુર્ઘટના ન ઘટે માટે સુરક્ષાના મુદ્દાને ધ્યાનમાં રાખીને રોપ- વે સેવા બંધ કરવાનો નિર્ણય લેવામાં આવતો હોય છે.






PRINTER, PUBLISHER, OWNER AND EDITOR : NILAYBHAI HARISHBHAI MEHTA PRINTED AT DHARTI PRINTERS : C/3, Celler, Shanker Chambers, Opp. Bata Showroom, Nr. H.K. House, Ashram Road, Ahmedabad-380009. gujarat AND PUBLISHED FROM : Opp. Sheth Vadilal Sarabhai Hospital, Ellisbridge, AHMEDABAD-380006(GUJ).